
# પિન્ટુ અને મિન્ટુ



એક જૂનું અને સુંદર મકાન હતું.

આ મકાનની આગળ નાનકડું ચોખ્ખું આંગણું. આ આંગણામાં બે-ત્રણ નાનાં-મોટાં ઝાડ. ઝાડની સાથે હીંચકો પવનથી આમથી તેમ ઝૂલે ! અને પવન ન હોય ત્યારે પિન્ટુભાઈ આ હીંચકાને ઝૂલાવે ! હા, આ મકાનમાં પિન્ટુભાઈ રહે. પિન્ટુભાઈને એક નાની બહેન. તેનું નામ મિન્ટુ.

પિન્ટુ અને મિન્ટુ રોજ હીંચકા પર ઝૂલે. ગીતો ગાય. હીંચકા પર બેસીને નાસ્તો કરે.... ચોપડી વાંચે ... અને લેશન કરે! એક દિવસ આ હીંચકા પર એક ચકીબેન ઊડીને આવ્યાં. ચકીબેનની સાથે ચકાભાઈ તો હોય જ !

ચકીબેન તો એયને હીંચકા પર બેસીને ઝૂલ્યાં. ચકાભાઈને થયું કે લાવને હું પણ થોડા હીંચકા ખાઉં ! ચકીબેન અને ચકાભાઈએ સાથે હીંચકા ખાધા. મજા પડી ગઈ !

થોડીવારમાં પિન્ટુ અને મિન્ટુ આવ્યાં. જોયું તો હીંચકા પર બેસીને ચકીબેન અને ચકાભાઈ ઝૂલે ! પિન્ટુ અને મિન્ટુ તો આ જોઈને રાજી થયા. પિન્ટુએ મિન્ટુને કહ્યું, "જો, મિન્ટુ... કેવી સરસ લાગે છે.... ચકીબેન અને ચકાભાઈની જોડી !"

થોડીવાર પછી ચકીબેને પિન્ટુ-મિન્ટુને જોયા. ચકીબેન ફર...ર...ર કરતાં ઝાડ પર ઊડીને બેસી ગયાં.... અને ચકાભાઈ પણ ફર...ર...ર.... કરતાં સાથે ઊડ્યા ! પિન્ટુએ હીંચકા પાસે આવીને કહ્યું, 'અરે ! ચકીબેન કેમ ઊડી ગયાં ?.... હીંચકા ખાવા હોય તેટલા ખાવ... અમારાથી ડરશો નહીં.

મિન્ટુ કહે, 'હા.... હા... ચકાભાઈ અમારી સાથે તમે પણ ઝૂલોને ....'

ચકીબેન અને ચકાભાઈ તો પિન્ટુ-મિન્ટુનાં દોસ્ત બની ગયાં. રોજ આવીને સાથે હીંચકે ઝૂલે... વાતો કરે અને આનંદ કરે !

એક વખત ખૂબ પવન ફૂંકાયો... ગાજવીજ થઈ... અને જોરદાર વરસાદ પડ્યો. બધે પાણી જ પાણી! બધું જળબંબાકાર ! બે દિવસ પછી સૂરજદાદા દેખાયા. સોનાવરણો તડકો ફૂટ્યો! કાદવ-કીચડનાં પાણી સૂકાયાં ! જાણે બધું હતું તેવું થઈ ગયું!

પિન્ટુ-મિન્ટુએ જોયું તો ચકીબેન અને ચકાભાઈ ક્યાંય દેખાયા નહીં ! ચિંતા થવા માંડી. ક્યાં ગયાં હશે બન્ને? શું થયું હશે એમને? પિન્ટુ-મિન્ટુ ઉદાસ રહેવા લાગ્યા. હવે તો હીંચકા ખાવાનું પણ ન ગમે! નાસ્તો કરવો પણ ન ગમે !

બીજાં બે દિવસ પછી ચકીબેન હીંચકા પર આવી બેસી ગયાં. પિન્ટુ-મિન્ટુ તો રાજી થઈ ગયા..... તે ઊછળતા... કૂદતા... ગાવા લાગ્યાં...

ચકીબેન... આવો... આવો...

ચકીબેન... આવો... આવો...

પણ, ચકીબેન તો ઉદાસ હતાં. પિન્ટુ-મિન્ટુને જોઈ રડવા માંડયા. રડતાં-રડતાં કહે, 'પિન્ટુભાઈ ચકો તો વરસાદમાં પલળવાથી માંદો પડ્યો છે... કંઈ ખાય નહીં ને કંઈ પીવે પણ નહીં! એ તો પડ્યા છે ગામને પાદરે... વડલાની નીચે...'

પિન્ટુ-મિન્ટુ તો ચકીબેનની વાત સાંભળીને દોડ્યા... ગામને પાદરે.... વડલાની નીચે...

ત્યાં જઈને જોયું તો ચકાભાઈ તો માંદા થઈને પડ્યા છે.... માંડ-માંડ આંખો ખોલે... બોલવાના તો હોશ જ ક્યાંથી હોય! પિન્ટુ-મિન્ટુ ચકાભાઈને ઉપાડી ઘરે લાવ્યા. બે દિવસ સુધી તેની સારવાર કરી.... ચકાભાઈ તો આરામ કરીને પાછા તાજા-માજા થઈ ગયા...!

ચકાભાઈ તો હવે દાણા ખાયા.... પાણી પીએ.... અને ફર...ર...ર કરીને ઊડી શકે! પહેલાં હતા તેવા જ ચકાભાઈ! ચકીબેન તો ખુશ-ખુશ થઈ ગયાં. આનંદમાં આવીને ગીતો ગાય! ચકીબેને પિન્ટુ-મિન્ટુનો આભાર માન્યો.

પિન્ટુ-મિન્ટુ કહે, 'અરે, ચકીબેન! એમાં આભાર શેનો?... તો...તો... આપણે દોસ્ત શાના? એકબીજાને મદદ કરીએ... એનું નામ જ દોસ્તી...'

ચકીબેન અને ચકાભાઈ તો રોજ પિન્ટુ-મિન્ટુને ઘરે આવે... સાથે હીંચકા ખાય... અને મજા કરે... સાથે ગીત પણ ગાતા જાય...

ચાલો આપણે રમીએ સાથે,
હીંચકે બેસી ઝૂલીએ સાથે,
અલક-મલકની વાતો કરીએ,
સંપીને સૌ રહીએ સાથે.

લેખક: રાજેશ મહેતા